જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૧૯/૦૯/૨૦૨૬ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી ધારા હેઠળ ઝડપાયા:– **સમાચાર યાદી નં.૧૩૧૬/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૮ કેસ કરી, ૨૮ વ્યક્તિઓને ઝડપી, ૧૧૫ લીટર દેશી દારૂ, ૨૧ બોટલ ઈંગ્લીશ દારૂ, ૩૩૨ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૪૧ બિયર ટીન, ૦૧ સ્કુટર અને ૦૧ રિક્ષા કબજે કરી હતી.

તકેદારીના પગલા હેઠળ અટકાયત:– **સમાચાર યાદી નં.૧૩૧૭/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૫૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડી:– **સમાચાર યાદી નં.૧૩૧૮/૨૦૨૬**

કૃષ્ણનગર: નિલેષભાઇ બાબુભાઇ ભુવા (ઉ.વ.૪૪) (રહે. શ્રીનાથ પાર્ક પાવર હાઉસ સામે નિકોલ રોડ) એ તા.૧૮/૦૯/૨૦૨૬ ના રોજ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૨/૦૯/૨૦૨૬ ના રોજ અજાણી વ્યક્તિએ નિલેશભાઈ ભુવાના મોબાઈલ ફોનમાં વોટ્સએપમાં APK ફાઇલ મોકલી મોબાઈલ ફોન હેક કરી નિલેશભાઈના ખાતામાંથી રૂપિયા ૧,૫૧,૦૦૦/– ટ્રાન્સફર કરી લઇ છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વી.એચ.જોષી ચલાવે છે.

આનંદનગર: જતીન સ/ઓ મનસુખલાલ દત્તા (ઉ.વ.૪૮) (રહે. શરણમ–૫ એચ.પી.પેટ્રોલપંપ પાછળ પ્રેરણાતીર્થ દેરાસરની બાજુમાં જોધપુર ગામ આનંદનગર) એ તા.૧૮/૦૯/૨૦૨૬ ના રોજ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે જતીન દતા તથા તેમના સબંધીને ચાઇના (ચીન) ખાતે કેંટોન ફેરમા ભાગ લેવા સારુ જવાનું હોય તા.૨૧/૦૧/૨૦૨૬ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી દર્શન અશ્વિનભાઇ ભટ્ટ (ઠે. બી,૩૨૧,સન સાઉથ સ્ટ્રીટ સાઉથ બોપલ) નાઓએ એડવાંસ ટુર પેકેજ પેટે રૂપિયા ૨,૭૬,૦૩૬/– મેળવી લઈ ચાઇના ખાતે જવાની પ્રોસેસ નહી કરી ટુર પેકેજ પેટે લીધેલ નાણાં પરત નહી આપી વિશ્વાસઘાત કર્યો હતો. આ ગુનાની તપાસ હે.કો.શ્રી બલભદ્રસિંહ બાબુભા ચલાવે છે.

સેટેલાઈટ: વેજલપુર વિસ્તારમાં રહેતી યુવતીએ તા.૧૮/૦૯/૨૦૨૬ ના રોજ સેટેલાઈટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે યુવતીના મિત્ર હીતેન્દ્ર હમ્સા કાકુલપતિ (રહે. સન ડિવાઈન–૪ સોલા ભાગવત પાસે સોલા) એ યુવતી પાસેથી થોડા સમયમાં રૂપિયા પરત આપવાની વાત કરી ધંધાના કામે હાથ ઉછીના રૂપિયાની મદદ માંગતા યુવતીએ માહે ઓગષ્ટ/૨૦૨૩ ની સાલમાં હીતેન્દ્ર હમ્સા કાકુલપતિ નાઓને રૂપિયા ૩૫,૦૦,૦૦૦/– મદદ કરી હતી. સમય વિત્યે યુવતીએ હીતેન્દ્ર હમ્સા કાકુલપતિ પાસેથી આપેલ રૂપિયાની માંગણી કરતા તેઓએ સંપર્ક તોડી મકાન બંધ કરી વિદેશ નાસી જઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વાય.એસ.ચુડાસમા ચલાવે છે.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૧૩૧૯/૨૦૨૬**

નવરંગપુરાઃ વિનયકુમાર રાજરતન પાંડે (રહે. સવિતાનગર આસોપાલવ સોસાયટી પાસે વટવા) એ તા.૧૮/૦૯/૨૦૨૬ ના રોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૩/૦૯/૨૦૨૬ કલાક ૦૫/૦૦ વાગ્યાના સુમારે નવરંગપુરા સ્ટેડીયમ પાંચ રસ્તા પાસે ઈશ્વર કોમ્પ્લેક્ષના પહેલા માળ ખાતે દુકાનના દરવાજાનું શટ્ટર ઉચું કરી અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી કેશ કાઉન્ટરના ડ્રોઅરમાંથી રોકડ રૂપિયા ૪૩,૫૦૦/– ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી પાર્થભાઇ દિનેશભાઇ ચલાવે છે.

સોનાની ચેઈન ઝુટવી લઈ ગયાઃ **સમાચાર યાદી નં.૧૩૨૦/૨૦૨૬**

અમરાઇવાડીઃ વિજ્યાલક્ષ્મીબહેન વા/ઓ ધવલભાઈ શાહ (ઉ.વ.૩૭) (રહે. માતૃશક્તિ કોલોની ઈન્ડીયા કોલોની બાપુનગર) તા.૧૬/૦૯/૨૦૨૬ રાતના ૦૯/૩૦ વાગ્યાના સુમારે અમરાઇવાડી એપરેલ પાર્ક મેટ્રો સ્ટેશન નીચેથી ટુ વ્હીલર ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ વિજ્યાલક્ષ્મીબહેન શાહના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૧,૪૦,૦૦૦/– ઝુટવી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ વિજ્યાલક્ષ્મીબહેન શાહએ તા.૧૮/૦૯/૨૦૨૬ ના રોજ અમરાઇવાડી પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એચ.આર.ભેટારીયા ચલાવે છે.

પોલીસ ઈન્સ્પેક્ટર,
પી.આર.ઓ.યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી